For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નવા રેલવે સ્ટેશન પર બે નવાં પ્લેટફોર્મના નિર્માણ સાથે દક્ષિણ ગુજરાતની કનેક્ટિવિટી વધારવા

સુરતથી મુંબઈ સબર્બન ટ્રેન દોડાવવા કવાયત

નમો ભારત રેપિડ ટ્રાન્ઝિટ ટ્રેન તરીકે ઓળખાનારી આ ટ્રેન મુંબઈની સબર્બન ટ્રેન જેવી જ હશે

દક્ષિણ ગુજરાતના સુરત સહિતનાં છ શહેરો વચ્ચેની ટ્રેન ક્ષમતાં હાલના કરતાં ડબલ કરવામાં આવશે

સુરતઃ સુરતમાં નવા બની રહેલા રેલવે સ્ટેશનમાં બે નવા પ્લેટફોર્મ બનાવવામાં આવનાર છે. આ બંને પ્લેટફોર્મનો ઉપયોગ કરીને સુરતથી મુંબઈ સુધી મુંબઈની જેમ સબર્બન ટ્રેન દોડાવવાનો નિર્ણય પશ્ચિમ રેલવે દ્વારા કરવામાં આવ્યો છે. સુરત અને મુંબઈ

...અનુસંધાન પાના 5 પર

મુંબઈ સબર્બન નેટવર્કનું વિસ્તરણ પૂરજોશમાં

સુરત-મુંબઈ સુધી લોકલ ટ્રેન દોડાવવામાં પ્લાનનો અમલ પહેલાં વેસ્ટર્ન રેલવે મુંબઇ સબર્બન નેટવર્કને મજબૂત કરી રહ્યું છે. મુંબઈમાં પહેલેથી જ મુંબઈ-બોરીવલી-વિરાર વચ્ચે છ લાઈન,વિરાર દહાણુ વચ્ચે ચાર લાઈન છે. આ રુટ પર સબર્બન અને મુખ્ય લાઈનનું નેટવર્ક તૈયાર કરાઈ રહ્યું છે. સબર્બન અને મુખ્ય લાઈનનું ટ્રાફિક અલગ થશે, ત્યારે લાંબા અંતરની લોકલ-મેમુ ટ્રેન સુરત સુધી ચલાવી શકાશે.

લોકલ ટ્રેન વિસ્તરણનાં સંભવિત રૂટ

હાલ મુંબઈ લોકલ ટ્રેનની જેમ સુરત સુધી લોકલ ટ્રેન વિસ્તરણનાં સંભવિત રૂટનાં પ્રથમ તબક્કાનાં પ્રોજેક્ટમાં બોરીવલીથી લઈ વિરાર, દહાણુ, વાપી, વલસાડ, નવસારી, સુરત સુધીનો પ્લાન પર વિચારણા ચાલી રહી છે.

આ સબર્બન ટ્રેનમાં શૌચાલયની સુવિધા પણ હશે

પશ્ચિમ રેલ્વેના સુત્રોનાં જણાવ્યાં મુજબ મુંબઈ-સુરત રૂટ પર નવીનતમ નમો ભારત રેપિડ ટ્રાન્ઝિટ ટ્રેનો અને અપગ્રેડેડ મેઈનલાઈન ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ (MEMU) ટ્રેનો ચલાવવાનાં પ્રોજેક્ટ પર હાલ પશ્ચિમ રેલવે કામ કરી રહ્યું છે. નમો ભારત જેવી પ્રાદેશિક ઝડપી પરિવહન ટ્રેનો, જેમાં એસી અને નોન-એસી કોચ અને શૌચાલય સુવિધાઓનું મિશ્રણ છે, તેને ઉપનગરીય સેવાઓ માટે

...અનુસંધાન પાના 5 પર

સુરતમાં રત્નાગિરિ, લાલબાગ અને દેવગઢની કેરીનું આગમન

આ વર્ષે રત્નાગિરિ-દેવગઢની ડઝન 1200-1500 રૂપિયા, વલસાડની હાફૂસ 600-800 રૂપિયા

સુરતઃ ઉનાળાની શરૂઆત સાથે જ ફળોના રાજા તરીકે ઓળખાતી કેરી બજારમાં આવી ગઈ છે, પરંતુ આ વખતની કેરીનો સ્વાદ માણવા કરતાં પહેલાં તેની કિંમત સાંભળતા જ ગ્રાહકોની આંખ પહોળી થઈ ગઈ છે. સુરતના સરદાર માર્કેટ સહિતના હોલસેલ ફ્રૂટ માર્કેટોમાં હાલ મહારાષ્ટ્રના રત્નાગીરી અને લાલબાગની સાથે દેવગઢની કેરીઓનું આગમન શરૂ થઈ ગયું છે, પરંતુ ભાવોના કારણે કેરી 'મીઠી' કરતાં 'ખાટી' લાગી રહી છે.

હાલ બજારમાં રત્નાગીરી અને દેવગઢની પ્રીમિયમ કેરીની ડઝન 1200થી 1500 સુધી વેચાઈ રહી છે. બીજી તરફ ગ્રાહકોને થોડી રાહત આપતી વલસાડની હાફૂસની કેરીની

...અનુસંધાન પાના 5 પર

વાવાઝોડા બાદ 30% ઓછો પાક ઊતરશે

દક્ષિણ ગુજરાતમાં આવેલા તાજેતરના વાવાઝોડાએ કેરીના પાકને ભારે અસર કરી છે. આંબા પર લગેલા મરવાઓ પવન અને વરસાદના કારણે ખરી પડતા ઉત્પાદનમાં લગભગ 30 ટકા જેટલો ઘટાડો થવાની શક્યતા છે. પાક ઓછો હોવાથી હોલસેલ માર્કેટમાં આવક નોંધપાત્ર ઘટી છે. વેપારીઓનું કહેવું છે કે ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે અને પુરવઠો ઝડપથી સુધરશે તેવી શક્યતા ઓછી છે, એટલે ભાવોમાં આગામી દિવસોમાં પણ તેજી જળવાઈ રહેવાની ધારણા છે.

ટેક્સટાઇલ માર્કેટમાં કાપડનો ભરાવો

■ એક તરફ વિવર્સ અને પ્રોસેસર્સ પ્રોડક્શન કાપની વાત કરી રહ્યા છે તો બીજી તરફ તેનાથી બિલકુલ વિપરીત કાપડ માર્કેટમાં પાર્સલોનો જથ્થો જોવા મળ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

નકલી નોટમાં યોગગુરુ પ્રદીપનો સાગરીત ભાવેશ ગજેરા પકડાયો

કામરેજ-સાયણ રોડ પર રામવાટિકા સોસા.માં રહેતા ભાવેશ ગજેરાએ 20 લાખથી વધુની નકલી ચલણી નોટ ફરતી કરી હોવાની કબૂલાત કરી

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ભાવેશને કોર્ટમાં રજૂ કરી છ દિવસનાં રિમાન્ડ મેળવ્યાં

અમદાવાદઃ યોગગુરુ બનીને નકલી ચલણી નોટ છાપવાથી માંડીને બજારમાં ફેરવવાનું નેટવર્ક ઉભું કરનાર પ્રદીપ જોટંગીયા અને તેની ગેંગની ધરપકડ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આ ગેંગના વધુ એક સાગરીતની ધરપકડ કરી છે. આ સાગરીતને કોર્ટમાં રજૂ કરી છ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આ સાગરીતે અન્યો સાથે મળીને બજારમાં 20 લાખની નકલી ચલણી નોટો ફરતી કરી હોવાની કબૂલાત કરી છે.

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાંથી 18મી માર્ચના રોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બનાવટી ચલણી નોટ કૌભાંડમાં યોગગુરૂ પ્રદિપ જોટાંગિયા સહિત સાત આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓની પૂછપરછ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે વધુ એક આરોપી કામરેજ-સાયણ રોડ પર રામવાટીકા સોસા.માં રહેતા ભાવેશ વલ્લભભાઈ ગજેરાની ધરપકડ કરી

...અનુસંધાન પાના 5 પર

ભાવેશ ગજેરાએ નકલી નોટ બનાવવાની સામગ્રી ખરીદવામાં નાણાં આપ્યાં હતાં

ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ધરપકડ કરાયેલા આરોપી મુકેશ ઠુંમર તથા રમેશ બલર સાથે ભાવેશ ગજેરાએ 20 લાખની નકલી નોટો બજારમાં ફરતી કરી હોવાની તેમજ ભાવેશ ગજેરાએ બનાવટી નોટો છાપવાના સામેલગીરી તથા યોગગુરૂ પ્રદિપ જોટાંગિયા સાથે સંકળાયેલો હોવાની સક્રિય ભૂમિકા બહાર આવી હતી. બનાવટી નકલી નોટમાં ચીટર યોગગુરૂ પ્રદીપ જોટંગીયા તથા અન્ય આરોપીની સાથે નકલી નોટ છાપવાના પૂર્વયોજિત ષડયંત્રમાં ભાવેશ ગજેરાની ભૂમિકા રહેલી છે, સાથે જ નકલી નોટ બનાવવાની સાધન સામગ્રી ખરીદવામાં નાણાકીય સહાય પણ તેણે કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપીની સઘન તપાસ હાથ ધરી છે.

ભગવાન મહાવીર યુનિવર્સિટીના એસીમાં શોર્ટ સર્કિટથી આગ

નર્સિંગ કોલેજની ઓફિસમાં આગ ફાટી નીકળતા સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં અફરાતફરી મચી



સુરત : સુરતના વેસુ વીઆઈપી રોડ પર આવેલી ભગવાન મહાવીર યુનિવર્સિટીમાં સવારે આગની ઘટના બનતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. યુનિવર્સિટીના પહેલા માળે આવેલી નર્સિંગ કોલેજની ઓફિસમાં અચાનક આગ ફાટી નીકળતા યુનિવર્સીટીમાં હાજર સ્ટાફ અને વિદ્યાર્થીઓ ગભરાયા હતા. ઘટનાની જાણ થતા જ અલગ-અલગ બે ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. સબ ફાયર ઓફિસર કિશોરભાઈ પટેલના જણાવ્યા અનુસાર, ઓફિસમાં ધુમાડો ખૂબ જ ભરાઈ ગયો હોવાથી તેને બહાર કાઢવા માટે બારીના કાંચ તોડવાની ફરજ પડી હતી.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ વીઆઈપી

...અનુસંધાન પાના 5 પર

હવે લોકો હેરાન થશે કે પછી રાહત થશે?

દૂર પાર્કિંગ નહીં કરવું પડે, ડુમસ સી ફેસ નજીક 1200 ફોરવ્હીલ પાર્ક થશે

સી ફેસની સામેના ખુલ્લા પ્લોટમાં, મલ્ટિ લેવલ પાર્કિંગમાં અને નજીકમાં વાહનો પાર્ક કરી શકાશે

માર્શલો અને સફાઈ કામદારની સંખ્યા વધારવામાં આવી, એનજીઓનો પણ સાથ લેવાશે

સુરતઃ લોકો માટે ખુલ્લું મુકાયા બાદ ડુમસ સી ફેસ પ્રોજેક્ટમાં છેલ્લા વીકએન્ડથી ભારે અવ્યવસ્થા સર્જાઈ રહી છે. મનપા અને પોલીસના યોગ્ય આયોજનના અભાવે મજા માણવા ગયેલા લોકોને ટ્રાફિક જામથી માંડીને અન્ય મુશ્કેલીઓની સજા મળે છે. બે રવિવારથી આયોજન કરવામાં ઉંધી પડેલી મનપાએ આ વખતે ટ્રાફિક જામ નહીં થાય 1200 ફોર વ્હીલ પાર્ક કરી શકાય તે માટેના આયોજનો કર્યા છે. સાથે સાથે સી ફેસમાં માર્શલોથી માંડીને સફાઈ કામદારોની સંખ્યા પણ વધારી આ વખતે સમસ્યા નહીં થાય તે માટે કમર કસી છે. જોકે, આ કસેલી કમર રહે છે કે પછી તૂટી જાય છે તે જોવું રહ્યું!

સુરત શહેરમાં આમ પણ હરવા ફરવા માટેના સ્થળો ઓછા છે. જે છે તે 'આરંભે શુરા'ની જેમ હાલમાં ખંડેર જેવા થઈ ગયા છે. સુરતીઓને સતત ફરવા માટેના સ્થળની તલાશ રહે છે. હાલમાં ડુમસ સી ફેસ ખુલ્લો મુકાતા સુરતીઓ તેને જોવા માટે દોડ્યા હતા પરંતુ માત્ર પ્રોજેકટ કરવામાં જ હોંશિયાર મનપા લોકો સરળતાથી ફરી શકે તે માટેના આયોજનો કરવામાં નિષ્ફળ રહી છે. સતત બે રવિવારથી લોકોએ ડુમસ સી ફેસ જોવા જવામાં ટ્રાફિક જામ અને માત્ર હેરાનગતિનો જ અનુભવ કર્યો છે. ગત રવિવારે તો જાણે ત્રાહિમામ થઈ ગયો હતો. જેમાં પોલીસની સદંતર અણઆવડત છતી થઈ હતી. જોકે, બે રવિવારના ખરાબ અનુભવને પગલે હવે દોડતી થયેલી મનપાએ સૌ પ્રથમ તો પાર્કિંગ માટેના આયોજનો કર્યા છે.

સી ફેસનો હવાલો સંભાળતા મનપાના એડિ. સિટી ઈજનેર મહેશ ચાવડાએ જણાવ્યું હતું કે. લોકોએ બેથી ત્રણ કિ.મી. દૂર વાહનો મુકવા નહીં પડે તે માટે મનપાએ સી ફેસની સામેનો પ્લોટમાં આશરે 800 જેટલા ફોર વ્હીલ પાર્ક થઈ શકે તે માટેની વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત મલ્ટિ લેવલ પાર્કિંગમાં પણ આશરે 150 જેટલી ફોર વ્હીલ પાર્ક કરી શકાશે. સાથે સાથે અન્ય ખુલ્લી જગ્યામાં પણ 200 ફોરવ્હીલ પાર્ક થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી એકસાથે 1200 જેટલી ફોરવ્હીલ પાર્ક થઈ શકશે. આ ઉપરાંત મનપા દ્વારા લોકો સી ફેસને બગાડે નહીં અને વ્યવસ્થા જળવાયેલી રહે તે માટે માર્શલોની સંખ્યા વધારી છે. સી ફેસમાં ગંદકી ના રહે તે માટે સફાઈ કામદારોની સંખ્યા પણ વધારવામાં આવી છે.

ડુમસ સી ફેસમાં ટોયલેટ બ્લોકની સંખ્યા વધારવા માટે મ્યુનિ.કમિ.ની સૂચના

ડુમસ સી ફેસમાં એક જ ટોયલેટ બ્લોક હોવાને કારણે લોકો ભારે હેરાન થઈ રહ્યા છે. જેથી મ્યુનિ.કમિ. એમ. નાગરાજને તાકીદના ધોરણે સી ફેસ પર નવા ટોયલેટ બ્લોક બનાવવા માટે અને ત્યાં સુધી કામચલાઉ આયોજનો કરવા માટે પણ તંત્રને સૂચનાઓ આપી છે. બે રવિવારથી એક જ ટોયલેટ બ્લોકને કારણે ભારે ગંદકી થતી હતી.

ખજોદની આગ ઓલવવામાં 15 લાખની વધુનો ખર્ચ

મનપાનાં ટ્રક, ટેન્કર, પોકલેન, જેસીબી અને મેઇન પાવર મળીને 72 કલાકે આગ કાબૂમાં આવી

સુરત : શહેરના ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે ગત 24 માર્ચ, 2026ના રોજ બપોરે લગભગ 1:15 વાગ્યે આર.ડી.એફ. કચરામાં વિકરાળ આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગ સાઈટના પ્રિસોટ-1 (બી) વિસ્તારમાં શરૂ થઈ હતી અને ઝડપથી ફેલાઈને એસ.એલ.એફ. (સી) સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે તંત્ર માટે પરિસ્થિતિ ગંભીર બની ગઈ હતી.

આ ઘટનાને પગલે સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગે તાત્કાલિક યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. શહેરના 8 ફાયર સ્ટેશનોમાંથી 10થી વધુ ફાયર એન્જિન, વોટર બાઉઝર અને આશરે 50 જેટલા ફાયર જવાનોને ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યા હતા. સતત 72 કલાક સુધી અવિરત કામગીરી બાદ આશરે 22 લાખ લિટર પાણીના ઉપયોગથી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગ પર ઝડપી નિયંત્રણ મેળવવા માટે મનપાએ આજુબાજુની ઈન્ડસ્ટ્રીઝ, જેમાં કલરટેક્સ સહિતની કંપનીઓમાંથી પણ પાણીનો પુરવઠો મેળવ્યો હતો. આગ ફરી પ્રગટ ન થાય તે માટે 15 જેટલા પોકલેન અને જેસીબી મશીનોની મદદથી કચરાને ખસેડવામાં આવ્યો હતો, તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં 125 ટ્રક જેટલી માટીનો છંટકાવ કરીને આગને

...અનુસંધાન પાના 5 પર

પાણી આસપાસની ઇન્ડ.માંથી આવ્યું હતું, કોઇ બિલ બનાવ્યું નથી : ચીફ ફાયર ઓફિસર

ખજોદ ડીસ્પોઝલ સાઇટ પર લાગેલી આગને કાબુમાં લેતા 72 કલાક લાગ્યા અને મનપાને લાખો રૂપીયનો ખર્ચ થયો. સામાન્ય રીતે કોર્મશીયલ મીલકતોમાં લાગતી આગને કાબુમાં લેવા માટે થતી ફાયર ફાયટરની કામગીરીનો ખર્ચ વસુલવા સબંધિત મિલકતદારોને બીલ આપવામાં આવે છે જો કે ખજોદની આગના કીસ્સામાં ચીફ ફાયર ઓફીસર બસંત પરીખે જણાવ્યુ હતુ કે, મનપાની જગ્યા પર આગ લાગી હતી અને જે પાણી વપરાયુ તે આસપાસની ઇન્ડસ્ટ્રીઝ દ્વારા અપાયું હતુ તેથી ખર્ચનુ કોઇ બીલ બનાવ્યું નથી.

ગેસ બંધ થતાં શરૂ કરેલો પ્રાઈમસ ફાટતાં માલિક, ગ્રાહકો દાઝ્યા

સુરતઃ કાપોદ્રા ફાયર સ્ટેશનની બાજુમાં ફૂટપાથ ઉપર ચાની કિટલી ઉપર શુક્રવારે બપોરે પ્રાઈમસ ફાટતાં બે વ્યક્તિ દાઝી ગયા હતા. આગ લાગતા ઘટના સ્થળે ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ ફાયર કંટ્રોલને કરાતા કાપોદ્રા ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ કાપોદ્રા ફાયર સ્ટેશનની બાજુમાં ફૂટપાથ ઉપર ચાની કિટલી આવી છે. બપોરે 1:30 કલાકે ચા બનાવતી વખતે પ્રાઈમસ ફાટ્યો હતો. તેને કારણે આગ લાગવાની શરૂઆત થઈ હતી. ચાની લારીના માલિક મહેન્દ્ર ભાઈ (ઉં.વ.45) તથા 26 વર્ષીય પરેશ ઈટાલીયા જે લારી ઉપર નાસ્તો કરવા આવ્યા હતા. બન્ને જણાને પ્રાઈમસની ઝાળ લાગી જતાં તેઓ દાઝી ગયા હતા. બાદમાં ઘટનાની જાણ ફાયર કંટ્રોલને કરવામાં આવી હતી, તેથી કાપોદ્રા

...અનુસંધાન પાના 5 પર

સુરતના વકીલે બનાવ્યું 'વાતચીત કરતું' અનોખું સ્માર્ટ AI ટુ-વ્હીલર

આ ટુવ્હીલર વાત કરે છે, પ્રશ્નોના જવાબ આપે છે અને ગીતો સંભળાવી મનોરંજન પણ કરે છે

સુરતના વકીલ મુકેશ ભાવસારે ટુવ્હીલરને ઈન્ટરનેટ અને ચીપની મદદથી AI સ્માર્ટ બનાવ્યું

સુરતઃ સુરતમાં ફરી રહ્યું છે વાતચીત કરતું ટુવ્હીલર. સુરતમાં એક ટુવ્હીલર છે જે ફ્રેન્ડની જેમ રાઈડર સાથે ગપ્પાં મારે છે, મસ્તી કરે છે. જરૂર પડ્યે માતાપિતાની જેમ સલાહ પણ આપે છે. એટલું જ નહીં ગીતો સંભળાવી મનોરંજન પણ કરે છે. આ ટુવ્હીલર દેખાવમાં સામાન્ય મોપેડ જેવું જ છે, પરંતુ તેને ખાસ બનાવે છે તેમાં ફીટ કરાયેલી ચીપ, ઈન્ટરનેટ અને AI સિસ્ટમ. સુરતના વકીલ મુકેશ ભાવસારે પોતાના સામાન્ય મોપેડને ટેક્નોલોજીની મદદથી સ્પેશિયલ બનાવી દીધું છે.

આ અંગેનો વિડીયો જોવા QR કોડ સ્કેન કરો.

શહેરના વકીલ મુકેશ ભાવસારે એક અનોખી અને અદ્યતન શોધ કરી છે. તેમણે પોતાના ટુવ્હીલરને સંપૂર્ણપણે સ્માર્ટ અને વોઈસ કંટ્રોલ્ડ બનાવી દીધું છે. આ ટુવ્હીલરમાં વેબપેજ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત અત્યાધુનિક સિસ્ટમ ફીટ કરવામાં આવી છે, જે તેને સામાન્ય વાહનથી અલગ તારવે છે. આ મોપેડ ગીતો ગાઈને રાઈડરનું મનોરંજન કરે છે. તે ખરેખર યુનિક છે. કારણ કે તેના મેમરી કાર્ડમાં ડેટા પણ સેવ થાય છે, જે રાઈડરના પૂછવા પર સારી-નરસી યાદો તાજી કરાવે છે. તે કાયદાનું નોલેજ આપી સચેત પણ કરે છે.

સામાન્ય ટુવ્હીલરને AI સ્માર્ટ બનાવનાર વકીલ મુકેશ ભાવસાર કહે છે કે, આ ખરેખર તો રોબોટ જેવું છે. આ સ્માર્ટ ટુવ્હીલર હવે વોઈસ કમાન્ડથી સંપૂર્ણપણે ઓપરેટ થઈ શકે છે. એન્જિન સ્ટાર્ટ અને ઓફ કરવું, ઈન્ડીકેટર ચાલુ-બંધ કરવા, હોર્ન વગાડવા જેવી તમામ કામગીરી વોઈસ કમાન્ડથી જ થઈ શકે છે. સૌથી રસપ્રદ વાત એ છે કે આ ટુવ્હીલર વાતચીત પણ કરી શકે છે. રાઈડર તેને કોઈપણ પ્રશ્ન પૂછી શકે છે અને તે તરત જ જવાબ આપે છે. ટ્રાફિકના નિયમો,

...અનુસંધાન પાના 5 પર

85% વિવર્સ પ્રોડક્શન કાપના સમર્થનમાં

વિવર્સે કરેલા સરવેમાં બહાર આવેલી વિગત

ફોગવા હવે જાહેરસભા યોજી અંતિમ નિર્ણય લેશે

સુરતઃ ટેક્સટાઈલ ઉદ્યોગની હાલની મંદી અને બજારની અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલફેર એસોસિએશન (ફોગવા) દ્વારા વિવર્સનો અભિપ્રાય મેળવવા માટે ગૂગલ ફોર્મ દ્વારા સરવે કરવામાં આવ્યો હતો. આ સરવેમાં મોટા પ્રમાણમાં પ્રતિસાદ મળ્યો હતો, જેમાંથી અંદાજે 85 ટકા વિવર્સે પ્રોડક્શન કાપ મૂકવાના નિર્ણયને સમર્થન આપ્યું છે.

ફોગવા હવે 35 વિવિંગ સોસાયટી મિટિંગ અને જાહેરસભા યોજી ઉત્પાદન કાપ અંગે અંતિમ નિર્ણય લેશે. ફોગવા દ્વારા વિવર્સને મોકલવામાં આવેલી ગૂગલ ફોર્મ લિંકમાં બજારની વર્તમાન સ્થિતિ, ઉત્પાદન અને માંગ વચ્ચેનો તફાવત તેમજ ઉદ્યોગને સ્થિર રાખવા માટેના વિકલ્પો અંગે અભિપ્રાય મંગાવવામાં આવ્યા હતા. વિવર્સને તા.28 માર્ચ 2026, શનિવાર સવારે 10 વાગ્યા સુધીમાં પોતાનો સ્પષ્ટ અભિપ્રાય પાઠવવા અપીલ કરવામાં આવી હતી, જેથી ઉદ્યોગ માટે યોગ્ય અને સમયસર રણનીતિ તૈયાર કરી શકાય.

સરવેનાં પ્રાથમિક પરિણામો મુજબ પ્રોડક્શન કાપ બાબતે વ્યાપક સહમતિ મળતાં હવે ફોગવા દ્વારા વિવિધ ટેક્સટાઈલ એસોસિએશનો સાથે ચર્ચા કરવા મિટિંગનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ એક વિશાળ જાહેરસભાનું આયોજન પણ કરાશે. આ જાહેરસભામાં સર્વાનુમતે નક્કી કરવામાં આવશે કે પ્રોડક્શન કાપ કેવી રીતે અમલમાં મૂકવો અને કેટલા સમયગાળા માટે રાખવો. ઉદ્યોગના હિતમાં યોગ્ય નિર્ણય લઈ વિવર્સ અને કારખાનેદારોને માર્ગદર્શન આપવામાં આવશે.

ફોગવાના પ્રમુખ અશોકભાઈ

...અનુસંધાન પાના 5 પર

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ 3000/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

પ્રાર્થના સભા
દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મ પત્ની/ અમારા માતૃશ્રી સ્વ.નિતિકાબેન પરીતોષ શાહ નું દુઃખદ અવસાન તા.૨૨/૦૩/૨૦૨૬ ના રોજ થયેલ છે.
સદ્ગતની પ્રાર્થના સભા તા.૨૯/૦૩/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન નીચેના સ્થળે રાખવામાં આવી છે.
સ્થળઃ નાગરદાસ હોલ, શિશુવિહાર સ્કૂલની બાજુમાં, શ્રી રામ પેટ્રોલ પંપની સામેની ગલીમાં, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત.
(લિ.) પરિતોષ શાંતિલાલ શાહ (BRC)
ચૈતસ પરિતોષ શાહ (પુત્ર) હની ચૈતસ શાહ (પુત્રવધુ)
જૈની જીમીકુમાર કાસવાલા (પુત્રી) જીમીકુમાર પ્રવીણભાઈ કાસવાલા (જમાઈ)
દ્વિત્યા, તાશા, આર્યન, ખેવના
સ્વ. પ્રકાશચંદ્ર શાંતિલાલ શાહ (ભાઈ)
શ્રેયાંશ શાંતિલાલ શાહ (ભાઈ)
જતીન શાંતિલાલ શાહ (ભાઈ)
કર્મ: ચૈતસ ટ્રેડર્સ નવનિધિ ટ્રેડર્સ (મો.) ૯૩૭૪૭૧૦૧૫૮
સ્વ.નિતિકાબેન પરીતોષ શાહ સ્વ.તા.૨૨/૦૩/૨૦૨૬

આઠમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
દરીયા જેવું હૃદય, સુર્ય જેવું તેજસ્વી જીવન,
ચંદ્ર જેવો શીતલ સ્વભાવ મહેનતુ જીવન વ્યતિત કરી
સ્નેહની સૌરભ મુકી ગયા, તમારા કાર્યોને સદાય યાદ રાખીશું.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. જશુબેન હરીશભાઈ પટેલ
સ્વ. તા. ૨૮-૦૩-૨૦૧૮
ગામ : કાસલાખુર્દ, તા.ઓલપાડ,જિ.સુરત.
નકુલભાઈ હરીશભાઈ પટેલ (પુત્ર) જૈમિનીબેન નકુલભાઈ પટેલ (પુત્રવધુ)
દિવ્યેશકુમાર હસમુખભાઈ પટેલ (જમાઈ) અલ્પાબેન દિવ્યેશકુમાર પટેલ (પુત્રી)
અમીતકુમાર ડાહ્યાભાઈ પટેલ (જમાઈ) શિલ્પાબેન અમીતકુમાર પટેલ (પુત્રી)
વિર - ધાની - નિવા - અનાયા
નિવાસસ્થાન : ૨૫૫, કૃષ્ણકુંજ સોસાયટી, શેરી નંબર - ૧૨, પાલનપુર રોડ, સુરત.